## ધી ખંભીસર સેવા સહકારી મંડળીમાં

# કરોડો રૂપિયાનો ગોટાળો બહાર આવતા હોબાળો

## ૭૦થી વધુ ખેડૂતોના નામે મેઢાસણ સાબરકાંઠા સહકારી બેન્કમાંથી બારોબાર ધિરાણ ઉઠાવી લીધુ


અરવલ્લી, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં આવેલી




ધી ખંભીસર સેવા સહકારી મંડળીના સેક્રેટરી અને મળતિયાઓએ ભેગા મળી ૭૦થી વધુ ખેડૂતોના ન્યુ કેસીસી ડીએમઆર ખાતામાં જમીન પ્રમાણે શાખાની રકમ ખેડૂતોના શાખ પ્રમાણપત્ર બનાવી તેની સામે મેઢાસણ સાબરકાંઠા સહકારી બેન્કમાંથી ખેડૂતોના ચેક બારોબાર મેળવી કે પછી ખેડૂતોને વિશ્વાસમાં લઈ ચેક મેળવી ખેડૂતોની જાણ બહાર કરોડો રૂપિયાનું ધિરાણ મેળવી બેન્કના અધિકારીઓની મીલીભગતથી મંડળીના સેક્રેટરીએ કૌભાંડ આચર્યું હોવાનું અને ખેડૂતો સાથે લાખ્ખો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે ગામ લોકોએ હોબાળો મચાવતા ગામમાં પોલીસ પહોંચી મામલો થાળે પાડ્યો હતો. આ ઘટનાના પગલે ધી ખંભીસર સેવા સહકારી મંડળીમાં જવાબદાર અધિકારીઓ દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું હતું. ગામલોકોના જણાવ્યા અનુસાર આ કૌભાંડ કરોડો રૂપિયાનું આચર્યું હોવાનું જણાવી રહ્યા છે ત્યારે ઈન્સ્પેકશન પછી સાચો આંકડો બહાર આવશે. હાલ ગામમાં ભારે ચિંતાના વાદળો છવાયા છે. ગામના ખેડૂતોની જાણ બહાર તેમના નામે ધિરાણ ચડતા ભારે હોહા મચી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર ખંભીસર ગામે આવેલી ધી ખંભીસર સેવા સહકારી મંડળીના સેક્રેટરી દ્વારા ગામના ૭૦થી વધુ નાના મોટા ખેડૂતોની જમીનની શાખ પ્રમાણપત્ર મુજબ જમા થયેલી રકમ ખેડૂતો તેમની જરૂરિયાત મુજબ બેન્કમાંથી નાણાં ઉપાડતા હોવાથી આ તકનો લાભ લઈ સેક્રેટરીએ ખેડૂતોની ધ્યાન બહાર તેમના નામે મેઢાસણ ગામે આવેલ ધી સાબરકાંઠા સહકારી બેન્કમાંથી મહત્તમ ઓક્ટોમ્બર-૨૦૧૭થી ડિસેમ્બર-૨૦૧૭ ના સમય ગાળામા અને તે અગાઉ પણ ખેડૂતોને વિશ્વાસમાં લઈ કે પછી ખેડૂતોના કોઈપણ રીતે ચેક મેળવી લઈ ખેડૂતોની જાણ બહાર તેમના નામે લાખ્ખો રૂપિયા ધિરાણ મેળવી અંદાજે દોઢથી અઢી કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ખેડૂતોના ધ્યાને આવતા ખેડૂતો બેબાકળા બની મેઢાસણ ગામે આવેલ ધી સાબરકાંઠા સહકારી બેન્કમાં તપાસ કરતા ૭૦થી વધુ ખેડૂતોની જાણ બહાર તેમના નામે લાખ્ખો રૂપિયા ધિરાણ બોલતું હોવાની જાણ થતા ગામમાં ભારે દેકારો મચી ગયો હતો અને એક સપ્તાહથી સેક્રેટરી અને તેના પરિવારજનો સાથે ધિરાણ અંગે રજુઆત કરતા તમામ ખેડૂતોને તેમના નામે લીધેલ ધિરાણ પરત આપવાની બાંહેધરી અને આશ્વાસન અપાતા આ કૌભાંડની ગોપનીયતા જળવાઈ રહી પરંતુ ખેડૂતોની અંતે ધીરજ ખૂટતા અને સેક્રેટરી નાણાં પરત નહી મળે ની ખાતરી બંધાતા આખરે એક સપ્તાહ પછી ખેડૂતોએ હોબાળો મચાવતા અને મોડાસા રૂરલ પોલીસ ખંભીસર ગામે પહોંચતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. ગામના ખેડૂતોના આક્ષેપના પગલે




જવાબદાર તંત્ર દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું છે. ગામના ખેડૂતોએ આ કરોડો રૂપિયાના બેંક દ્વારા અપાયેલ ધિરાણમાં મેઢાસણ ધી સાબરકાંઠા સહકારી બેંકમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત હોવાનો પણ આક્ષેપ કરતા આ કૌભાંડનો રેલો બેંક કર્મચારીઓના પગ તળે પહોંચે તેવું ગામલોકોએ જણાવ્યું હતું. આ લખાઈ રહ્યું છે ત્યારે હજુ સુધી આ અંગે કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

ધી ખંભીસર સેવા સહકારી મંડળીમાં સેક્રેટરી દ્વારા આચરવમાં આવેલા કરોડો રૂપિયાના કૌભાંડ મામલે જવાબદાર તંત્ર અને બેન્કના અધિકારીઓ દ્વારા એક-એક ખેડૂતોને બોલાવી જવાબો લેવામાં આવી રહ્યા હોવાની માહિતી સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

### કોંગ્રેસ સરકાર આવશે તો દેવું માફ થશે એ આશાએ વધુ કૌભાંડ આચરાયું

લોક મુખે એવું ચર્ચાઈ રહ્યું છે કે ગુજરાતમાં કોંગ્રેસ સરકાર આવે તો દસ દિવસમાં દેવું માફ કરી દેશે તે આશયથી સેક્રેટરીએ છેલ્લાં બે મહિનામાં સૌથી વધુ ઉચાપત કરી છે. પરંતુ રાજ્યમાં ભાજપની સરકાર આવતા સેક્રેટરીનો ખેલ ઊંધો પડ્યો. તદુપરાંત આજ પદ્ધતિ પ્રમાણે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સેવા સહકારી મંડળીઓમાં પણ કૌભાંડ તો નહિ આચરવામાં આવ્યું હોય તેમ બંને જિલ્લાના ખેડૂતો ચિંતિત બની બેંકોમાં તેમની જમીનની શાખ મુજબ મંજુર થયેલ ધિરાણનું તો બારોબારીયું તો નહિ થયું હોય તે જાણવા બેંકોમાં દોડધામ કરતા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

## હમીરગઢ પાટીયા પાસેથી ૧૭.૩૬ લાખનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૩

હિંમતનગર-શામળાજી રોડ પર આવેલ હમીરગઢ પાટીયા પાસેથી ગાંભોઈ પોલીસે બાતમીને આધારે અંદાજે રૂ. ૧૭.૩૬ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે વાહનને પકડી લઈ ચાર જણા વિરૂદ્ધ એલસીબીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામાં આવી હતી.

આ અંગે એલસીબી તથા ગાંભોઈ પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બુધવારે વહેલી સવારે રાજસ્થાન તરફથી એક વાહનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે. જે આધારે ગાંભોઈ પોલીસે હમીરગઢ પાટીયા પાસેથી પસાર વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. દરમ્યાન ટ્રક નં. આરજે. ૨૭.જી. ૭૭૧૨ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી ટ્રકમાં ચેકીંગ કરવામાં આવતા તેમાંથી પાસ પરમીટ વિનાની અંદાજે રૂ. ૧૭.૩૬, ૯૦૦ની કિંમતની ૩૯૧ પેટી તથા અન્ય છુટી ૧૪૦ બોટલ મળી ૧૧૦૯૦ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. જે અંગે ટ્રકમાં જઈ રહેલા ગેબીલાલ દોલાજી ડાંગી, પ્રકાશ ગમેરાજી ગાંગી, ચીરાગભાઈ પંચોલી અને સુનીલ મોતીલાલ દરજીની પુછપરછ કરવામાં આવતા તેમણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેથી એલસીબીએ રૂ. ૧૭.૩૬ લાખનો વિદેશી દારૂ તથા રૂ. ૫ લાખની ટ્રક મળી અંદાજે રૂ. ૨૨.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

જો કે પોલીસને જોઈને પ્રકાશ ગાંગી, ચીરાગ પંચોલી અને સુનીલ દરજી નજર ચુકવીને ભાગી ગયા હતા. ત્યારબાદ એલસીબીના પીઆઈ એમ.વી. પટેલે તરત જ ચારેય જણા વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



### ખેડબ્રહ્મામાં પૂનમની ભવ્ય ઉજવણી

સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા માં મંગળવારે ધામધૂમ થી પોષી પૂનમ ની ઉજવણી કરવામાં આવી હતી. પૂનમ ને લાઈ મંદિર પરિસરને લાઈટ, ફુલહાર, અને ફુગ્ગાથી શણગારવામાં આવ્યું હતું. પોષી પૂનમ એટલે માં અંબિકાનો જન્મ દિવસ પૂનમે પ્રાગટય દિવસ તરીકે ઉજવાતો હોઈ મંદિર ખાતે સોમવાર સવારે મંદિર ટ્રસ્ટ પ્રમુખ ઘ્વારા સવા મન દૂધનો અભિષેક કરી પૂજા કરવામાં આવી હતી. જ્યારે રાત્રે આનંદ ગસબો કરવામાં આવ્યો હતો જ્યારે મંગળવારે માં અંબિકાને સુંદર રથમાં બેસાડી મંદિર પરિસરમાં શોભાયાત્રા કઢાવામાં આવી હતી. ત્યાર. બાદ મંદિરમાં ૨૧ કિલોની કેક કાપી ઉજની કરવામાં આવી હસ્તી અને માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો ગાતો. રાત્રે માતાજીની ૧૦૦૮ દીવાની આરતી કરવામાં આવી હતી આ ઉપરાંત મંદિર ઉપર ઘ્વાજા ચડાવવામાં આવી હસ્તી ઘ્વાજ ચડાવવા મંદિર ટ્રસ્ટ પ્રમુખ જૈદીપસિંહ, ખેડબ્રહ્મા એમ.એલ.એ. અશ્વિન કોટવાલ, મેનેજર ગનશ્યામસિંહ રહેવર, ટ્રસ્ટી પ્રવિણસિંહ સોલંકી, પરસોત્તમભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટી પડ્યા હતા.

## કાંણીયોલની સીમમાં સામાન્ય બાબતે ઝઘડો થતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના કાંણીયોલ ગામની સીમમાંથી મંગળવારે પસાર થઈ રહેલ એક કારના ચાલકે અન્ય એક ઈસમને રસ્તા પરથી ગાડુ ખસેડવા બાબતે થયેલા ઝઘડામાં ત્રણ જણાએ ભેગા મળી એક ઈસમ પર હુમલો કરી ઈજા પહોંચાડી જાહેરનામાનો ભંગ કર્યો હતો. જેથી ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

કાંણીયોલ ગામના શૈલેષભાઈ ખેમાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે તેઓ સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોરવ્હીલ ગાડી લઈને નીકળેલા અમીતસિંહ વખતસિંહ રહેવરે રસ્તા પરથી ગાડુ ખસેડવા બાબતે ઝઘડો કર્યો હતો. જેથી અમીતસિંહ રહેવર તથા વખતસિંહ રણજીતસિંહ રહેવર અને રેણુકાબેન વખતસિંહ રહેવરે ગાડીમાંથી ઉતરી જઈ શૈલેષભાઈ પર હુમલો કર્યો હતો. જેથી રેખાબેન વચ્ચે પડતા તેણીને પણ દાતરડાથી ઈજા પહોંચાડી હતી. જે અંગે શૈલેષભાઈએ ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### તેજપુરાની સીમમાંથી તાજુ જન્મેલુ મૃત બાળક મળ્યુ

હિંમતનગર તાલુકાના તેજપુરા ગામમાંથી મંગળવારે એક તાજા જન્મેલા બાળકનો મૃતદેહ મળી આવતા તે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે તેજપુરા ગામના દશરથસિંહ અર્જુનસિંહ મકવાણાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે તેજપુરા ગામમાંથી કોઈ અજાણી વ્યક્તીએ તાજા જન્મેલ બાળકનો જન્મ છુપાવવા અને તેના મૃતદેહનો નિકાલ કરવા રોડ પર ફેંકી દઈ ભાગી ગઈ હતી. જે અંગે દશરથસિંહને ખબર પડતા તેમણે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

## ધાનેરા ખાતે ભાજપના માવજીભાઈ દેસાઈના કાર્યાલયનો પ્રારંભ

ધાનેરા, તા. ૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ધાનેરા મત વિસ્તારમાં ભાજપ દ્વારા ઉમેદવાર તરીકે



માવજીભાઈ મગનભાઈ દેસાઈને ટિકિટ ફાળવી હતી. જેમાં માવજીભાઈ દેસાઈને ધાનેરા, દાંતીવાડા અને પાંથાવાડા વિસ્તારમાંથી મતદારોએ જંગી મત આપ્યા હતા. ચૂંટણી દરમિયાન લોકસંપર્ક કાર્યક્રમમાં માવજીભાઈ દેસાઈએ ધાનેરાની પ્રજાને આ વિસ્તારના પ્રશ્નો હલ કરવા તેમજ પ્રશ્નોની રજૂઆત સરકાર સુધી પહોંચાડવા તેઓ સતત પ્રયત્નશીલ રહેશે તેવી ખાતરી આપી હતી. જેના અનુસંધાને એક સાચા લોકસેવકની પ્રતીતિ કરાવવા માવજીભાઈ દેસાઈ દ્વારા ધાનેરા ખાતે વિધાનસભાનું કાયમી કાર્યાલય બનાવવાનો નિર્ણય કર્યો હતો. જેમાં બુધવારે ધાનેરાના અગ્રવાલ ત્રણ રસ્તા, શીતલ પેટ્રોલ પંપની સામે માવજીભાઈ દેસાઈના કાયમી વિધાનસભા કાર્યાલયનું ઉદ્‌ઘાટન થાવરના પ.પૂ. ૧૦૦૮ મહંત વજેપુરી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહંત વજેપુરી બાપુએ આશિર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે ધાનેરા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, 'ધાનેરા, દાંતીવાડા અને પાંથાવાડા વિસ્તારની પ્રજાએ ચૂંટણીના લોકસંપર્ક કાર્યક્રમ દરમિયાન ખૂબ જ આવકાર અને ઉમળકાભેર સહયોગ આપ્યો હતો તેમજ મને ખૂબ જ જંગી મત આપ્યા હતા જેનું ઋણ ચૂકવી શકાય તેમ નથી. પ્રજાને મેં આપેલા વચન મુજબ આજથી ધાનેરા ખાતે પ્રજાના પ્રશ્નો સાંભળવા કાયમી કાર્યાલય શરૂ કરાયું છે તેમજ દર શુક્રવારે હું પોતે કાર્યાલય પર ઉપસ્થિત રહીશ.

માવજીભાઈના આ નિર્ણયની ધાનેરા વિસ્તારના રાજકીય-સહકારી આગેવાનો, કાર્યકરો અને પ્રજાએ સરાહના કરી હતી.

## દેસાસણના સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાઈ

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના દેસાસણ ગામના સરપંચ વિરૂદ્ધ પાંચ સભ્યોએ મંગળવારે તલાટી સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા ગામમાં રાજકારણ ગરમાયુ છે. આ અંગે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરનાર મણીબેન રબારી, સાંકીબેન, રશ્મીબેન પટેલ સહિત પાંચ સભ્યોએ મંગળવારે તલાટી સમક્ષ સરપંચ મનીષાબેન ગોવિંદભાઈ પટેલ વિરૂદ્ધ રજુ કરેલ અવિશ્વાસની દરખાસ્તમાં આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે સરપંચે વિકાસ કામોમાં સભ્યોને વિશ્વાસમાં લીધા વિના આપખુદીથી નિર્ણયો કર્યા છે. જે યોગ્ય નથી તેમજ પાણી વેરો અને ઘરવેરો તથા સફાઈ વેરો ડબલ કરી દીધો છે. નાણાપંચમાંથી મળતી ગ્રાન્ટનો ફક્ત ઠુમરા ગામમાં કેટલાક વિકાસ કામો કરીને ઉપયોગ કરી દીધો છે.

ઉપરાંત સરપંચે દેસાસણ ગામના નિજાનંદનગર બોરમાંથી મનસ્વીરીતે ૧૫૦ પાણીના ટેન્કરના નાણાં કોન્ટ્રાક્ટર પાસેથી લઈ લીધા છે. અને તે પંચાયતના રોજમેળમાં દર્શાવ્યા નથી. તથા તેણીએ સત્તાકાળ દરમ્યાન અનેક ગેરરીતી કરી છે જેથી તેમણે હોદ્દા પરથી દૂર કરવા જોઈએ. આમ સરપંચ વિરૂદ્ધ પંચાયતના સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા ગામનું રાજકારણ ગરમાઈ ચુક્યું છે.




મોડાસાના ઈટાડી ગામે આવેલ પૌરાણિક અંબેમાના દર્શનાર્થે પોષી પૂનમે મોટી સંખ્યામાં અરવલ્લી જિલ્લા સહીત આજુબાજુના જિલ્લામાંથી મોટી સંખ્યામાં માઈ ભક્તો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. મીની અંબાજી તરીકે જિલ્લા સહીત ગુજરાતમાં આ પૌરાણિક મંદિર ભક્તોમાં આસ્થાનું પ્રતીક બન્યું છે. જિલ્લાના સુપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં પણ પોષી પૂનમે મોટી સંખ્યામાં શામળિયા ભગવાનના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

## ચંદ્રાણામાં રાત્રે ઘર પર પથ્થર મારવા બાબતે ઝઘડો થતા ચાર સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૩

પોશીના તાલુકાના ચંદ્રાણા ગામે ચાર દિવસ અગાઉ રાત્રીના સમયે ઘર પર પથ્થરમારો કરવા બાબતે ચાર જણાએ ભેગા મળી એક ઈસમને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ મંગળવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈહતી.

આ અંગે ચંદ્રાણાના દેવાભાઈ હાંસાભાઈ ગમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગત તા. ૩૧ ડિસેમ્બરના રોજ તેઓ તથા દિનેશભાઈ ભેંસો લેવા જતા હતા ત્યારે ગામના જ પુનાભાઈ છાયાભાઈ ગમાર, સીંગાભાઈ છાયાભાઈ ગમાર, એમસીભાઈ ગુજરાભાઈ ગમાર અને અરબુભાઈ મેહાભાઈ ગમારે દેવાભાઈ તથા દિનેશભાઈને રોકીને કહ્યુ હતુ કે રાત્રીના સમયે ઘરો પર પથ્થરો કેમ નાખો છો તેમ કહી ગાળો બોલી ચારેય જણાએ ભેગા મળી પથ્થરો મારી ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ દેવાભાઈ ગમારે મંગળવારે ચારેય જણા વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



### આઈટીઆઈ મોડાસા ખાતે સ્પોર્ટસ મીટનું ઉદ્‌ઘાટન

અરવલ્લી જિલ્લાની નોડલ સંસ્થા આઈટીઆઈ મોડાસા ખાતે આજરોજ તા. ૩-૧-૨૦૧૮ થી તા. ૬-૧-૨૦૮ દરમ્યાન એક સ્પોર્ટસ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે જીલ્લા રમતગમત અધિકારી હર્ષાબેન ઠાકોર, સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય આર.જી. પુરોહિત,માલપુર, આઈટીઆઈના આચાર્ય જે.કે. પારેખ, વડાગામ આઈટીઆઈના આચાર્ય બી.આર. ખરાડી તેમજ મોડાસાના એવા રમતવીરો કે જેઓએ જિલ્લાની તેમજ રાજ્યની ટીમમાંથી ટેબલ ટેનિસ, ખેલમહાકુંભમાં રમેલ જન્મેજય રૂજુલભાઈ પટેલ, શેખ મહંમદ અરમાન, મહંમદસદીક તેમજ એથ્લેટીક્સમાં રમેલ સારંગ નાયરે ઉપસ્થિત રહી રમતમાં ભાગ લઈ રહેલ તમામ તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તેમજ ખૂબજ સરસ રીતે આનંદ ઉલ્લાસથી સ્પોર્ટસમેન સ્પીરીટથી તાલીમાર્થીઓને રમવા જણાવ્યા બાદ લીલી જંડી આપી આ કાર્યક્રમને વિધિસર ખુલ્લો મુકવામાં આવ્યો હતો.